આસામમાં થયેલ હિંસાને ચૂંટણી સાથે સંબંધ

અમદાવાદ, તા.૪

આસામમાં ફરી એક વાર હિંસા થઈ છે બોડો ઉગ્રવાદીઓએ હુમલો કર્યો તેમાં ૩૦ જેટલા લોકોના મોત થયા છે. આ હિંસાને ચુંટણી સાથે સંબંધ હોવાનું માનવામાં આવે છે. પોતાની તરફેણમાં મતદાન ના કર્યું હોવાની શંકાના આધારે હિંસા થઈ છે. આ ચિંતાજનક છે, કેમ કે ચૂંટણી સાથે હિંસા એ દેશની લોકશાહી માટે હાનિકારક છે ચૂંટણી શાંતિમય રીતે થાય તે માટે લાંબા સમયગાળામાં અને ૯ તબક્કામાં મતદાન યોજવામાં આવ્યું છે તેથી હિંસાની કોઈ મોટી ઘટના વિના અત્યાર સુધી ચુંટણી થઈ છે.

હવે બે તબક્કા બાકી છે ત્યારે પણ શાંતિપૂર્ણ રીતે જ મતદાન થશે તેવી આશા છે. નકસલવાદી વિસ્તારોમાં થોડી હિંસા થઈ હતી. આમ છતાં મતદાન ચાલતું રહ્યું હતું. આસામમાં મતદાન થઈ ગયું તે પછી હિંસા થઈ છે ગુજરાતમાં પોરબંદરમાં પણ ચાર મતદાન મથકો પર ફરી મતદાન યોજાઈ રહ્યું છે. આ બૂથો પર ગરબડના આરોપો પછી ફરી એક મતદાન થયું છે. પોરબંદર તોફાની તત્વો માટે બદનામ રહ્યું છે. પોરબંદરના સીમાડે એક જમાનામાં એવા બોર્ડ લગાવાયા હતા કે અહીં કાયદો અને વ્યવસ્થાની હદ પૂરી થાય છે. પોરબંદરમાં આ વખતે પણ જે બે ઉમેદવારો ઉભા છે તેમાં બેમાંથી એકેયના વખાણ કરવા જેવા નથી.

આચારસંહિતાનો ખુલ્લેઆમ ભંગ થતો રહે છે અને તેમાં ઠપકો આપીને વાત પુરી કરી દેવાય છે. ભય થોડો ઓછો થયો છે પણ લોભ અને લાલચ આપવાનું હજી પણ ચાલતું રહ્યું છે. પ્રચારનો મારો ચલાવવામાં હોંશિયાર હોય તે ફાવે છે. સારો ઉમેદવાર પાછળ રહી જાય છે. આ બધી વ્યવસ્થાઓમાં હજી ઘણા સુધારા કરવાની જરુર છે. લોકતાંત્રિક પ્રક્રિયામાં ઘણો સુધારો થયો છે છતાં કેટલીક સમસ્યાઓ યથાવત છે તે આસામ જેવી ઘટનાને કારણે યાદ આવી જાય છે.

હાલમાં ચૂંટણીના સમાચારો એટલા છવાયેલા છે કે બીજા સમાચારો બહુ ધ્યાનમાં નથી ચડતા. વેરાવળનું એક જહાજ ઓસ્ટ્રેલિયન નેવીએ પકડયું. તેમાંથી હજાર કિલો હેરોઈન પકડાયું. પાકિસ્તાનમાંથી ભરીને હેરોઈન આફ્રિકા લઈ જવાતું હતું તેમ મનાય છે. જો કે જહાજના માલિકનું કહેવું છે કે તેમણે તો ભાડે આપેલ હતું. સલાયાના ખલાસીઓ જહાજનું સંચાલન કરી રહ્યા હતા. ભારતમાં ૧૭મે ના રોજ ફાઈનલ પરિણામો આવશે. ભારતમાં ૧૭ તારીખે એવો માહોલ હશે કે બીજા કોઈ ખબરોને સ્થાન નહીં હોય.

કોંકણ રેલવે ટ્રેક પર પેસેન્જર ટ્રેન પાટા ઉપરથી ઉતરી જતા ગમખ્વાર અકસ્માત

મુંબઈ, તા.૪

મુંબઈ નજીક રાયગઢના નાગેથાને પાસે કોંકણ રેલવે ટ્રેક ઉપરથી દીવા-સાંવતવાડી એકસપ્રેસના એન્જીન અને ચાર કોચ પાટા ઉપરથી ઉતરી જતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. રવિવાર સવારે ૯.૩૦ વાગે નાગોથાને અને રોહા સ્ટેશનની વચ્ચે આવેલ ટનલ પાસે બનેલી આ ઘટનામાં ૧૭ મુસાફરોના મોત નિપજયા છે જયારે ૧૨૦ મુસાફરો ઘાયલ થયા છે. જેમને નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરાયા છે.

રેસ્કયુ ટીમે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી જઈ બચાવ કાર્ય હાથ ધર્યું હતું. દરમિયાન કોંકણ રેલવે માર્ગ હાલ પૂરતો બંધ કરી દેવાતા આ માર્ગની તમામ રેલવે અન્ય માર્ગ ઉપર વાળી દેવાઈ છે. રેલવે વિભાગે તાત્કાલિક તપાસના આદેશ જારી કરીને આ અકસ્માતમાં મૃત્યુ પામનારને રાહત પેટે રૂ. ૨ લાખની સહાયની જાહેરાત કરી છે. ઘટનાની જાણ થતાં રેલવે બોર્ડના ચેરમેન અરૂનેન્દ્રકુમાર, રેલવે સેફટી કમિશનર ચેતન બક્ષીએ ઘટના સ્થળે દોડી જઈ ઘટનાની વિગતો મેળવી હતી. રેલવે મંત્રીએ મલ્લીકાર્જુન ખડગેએ આ અકસ્માતમાં મત્યુ પામનાર મુસાફરોને રૂ. ૨ લાખ, ગંભીર ઈજાગ્રસ્તોને રૂ. ૫૦ હજાર તથા સામાન્ય ઈજાગ્રસ્તોને રૂ. ૧૦ હજારની સહાયની જાહેરાત કરી હતી.

કેદારનાથમાં પહેલા દિવસે ૧૨૦૦ ભાવિકોએ દર્શન કર્યા

ઉત્તરાખંડ, તા.૪

ઉત્તરાખંડમાં સર્જાયેલી ભયાનક પૂર હોનારતના લગભગ એક વર્ષ બાદ યાત્રાધામ કેદારનાથના કપાટ આજે ભાવિકો માટે ફરી ખુલ્યા હતા. આજે પહેલા દિવસે ૧૨૫૨ જેટલા ભાવિકોએ દર્શન કર્યા હતા.

આજે સવારે કેદારનાથના દ્વાર મંત્રોચ્ચાર સાથે ખુલ્યા ત્યારે ભકિતભાવનું વાતાવરણ સર્જાયું હતું. કેદારનાથમાં હજી પણ બરફ છવાયેલો છે છતાં ભાવિકોએ દર્શન કરવા માટે જવાનું શરુ કરી દીધું છે.

ગત વર્ષે ઉત્તરાખંડમાં સર્જેલી તબાહીમાં ૫૦૦૦ કરતા વધારે લોકો મોતને ભેટયા હતા અથવા તો ગુમ થયા હતા. આ ગોઝારી હોનારતને એક વર્ષ પુરું થવા આવ્યું છે ત્યારે ચારધામ યાત્રા આજથી શરુ થઈ ચુકી છે. તંત્રને આશા છે કે એક વખત બરફ પીગળવાનો શરુ થશે એટલે મોટી સંખ્યામાં યાત્રાળુઓ ફરી દર્શન કરવા માટે આવશે. આજે પ્રથમ દિવસે પંડિત જસરાજનો મંદિર ખાતે કાર્યક્રમ યોજાવાનો હતો તે કેન્સલ કરવો પડયો છે.

અફઘાનમાં લેન્ડસ્લાઈડમાં મૃતાંક ૨૧૦૦ પર પહોંચ્યો

કાબુલ,તા. ૪

અફગાનિસ્તાનના બાદશાહખાન પ્રામમાં લેન્ડસ્લાઈડના કારણે ભારે ખુવારી છે. સમગ્ર ગામ પર વિશાળ ભેખડ ધસી પડતા ઓછામાં ઓછા ૨૧૦૦ લોકોના મોત થયા છે અને હજુ પણ ૨૦૦૦થી વધારે લોકો લાપતા થયેલા છે. જેથી મોતનો આંકડો ખુબ વધારે નિકળે તેવી શક્યતા છે. બચાવ અને રાહત કામગીરી આજે પણ જારી રહી હતી. વિશાળ ભેખડના કારણે સેંકડો મકાન દટાઈ ગયા હતા. આ મકાનોમાં મોટી સંખ્યામાં લોકો હતા. કાટમાળ હેટળથી જીવંત લોકો નિકળે તેવી

શક્યતા ઓછી દેખાઈ રહી છે છતાં તપાસ ચાલી રહી છે. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પણ ૩૫૦ લોકોના મોતને સમર્થન આપવામાં આવ્યું છે. સ્થાનિક લોકો પણ બચાવ અને રાહત કામગીરીમાં મદદ કરી રહ્યા છે. ૨૦૦૦થી વધારે લોકો આ કુદરતી હોનારતના ૨૦ કલાક બાદ લાપતા થયેલા છે. આજે સવારે ઈમરજન્સી કર્મચારીઓ આવી પહોંચ્યા હતા. સેકડો પરિવારને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. પ્રામના ગવર્નર શાહ વલીલુલ્લાહ અદીબે કહ્યું હતું કે બારીક ગામમાં ૩૦૦ મકાનો વિશાળ ભેખડ નીચે દટાઈ ગયા હતા. બચાવ ટીમ કામગીરી શરૂ કરી ચુકી છે. પરંતુ તેની પાસે પુરતા સાધનો દેખાઈ રહ્યા નથી. જેથી તકલીફ પડી રહી છે. અફઘાનિસ્તાનના અધિકારીઓએ પણ કહ્યું છે કે, બચી ગયેલા લોકોને શોધવાની પ્રક્રિયા ચાલી રહી છે. ચાર હજારથી પણ વધુ લોકો વિસ્થાપિત પણ થયા છે. ઘટના સ્થળ ઉપર વિકટ સ્થિતિ સર્જાયેલી છે. ૩૦૦ પરિવારના ૨૧ લોકોના મોત થઈ ચુક્યા છે. કાટમાળને દૂર કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. પહાડી ગામડું આખું ડટાઈ ગયું હોવાનું જાણવા મળ્યું છે. સંયુક્ત રાષ્ટ્રે કહ્યું છે કે, મોતનો આંકડો હજુ પણ વધી શકે છે. કારણ કે લાપતા લોકોની સંખ્યા ખુબ વધારે છે. ભારે વરસાદની સ્થિતિમાં ભેખડ ધસી પડવાના બનાવો બન્યા છે. ભેખડ ધસી પડવાના બનાવમાં અફઘાનિસ્તાનના પ્રમુખ હમીદ કરઝાઈએ દુઃખ વ્યક્ત કર્યું છે.

મોદીને ટોપી પહેરાવવાનો પ્રયાસ કરનાર મૌલાના વારાણસી પહોંચ્યા

વારાણસી, તા. ૪

૨૦૧૧માં મોદીના સદભાવના ઉપવાસ દરમિયાન મોદીને ટોપી પહેરાવાવનો પ્રયાસ કરીને વિવાદ સર્જી ચર્ચામાં આવેલા ખેડાના ઠાસરાના મૌલાના મહેંદી હસન ફરીથી હરકતમાં આવ્યા છે. લોકસભા ચૂંટણીમાં મોદીએ વડોદરા ઉપરાંત વારાણસીથી પણ ઉમેદવારી નોંધાવી છે. ત્યારે મૌલાના મહેંદી હસને વારાણસીમાં મોદીની વિરોધમાં પ્રચાર કરવાનો નિર્ણય લીધો છે અને પોતાના સાથીદારો સાથે વારાણસી પહોંચી પણ ગયા છે. વારાણસીમાં આગામી ૧૨ મે ના રોજ મતદાન થવાનુ છે.

કુલ્લુમાં લોકસભા ચુંટણી અનુસંધાને કોંગ્રેસ અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધીએ હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી સાથે મીટીંગ યોજી હતી. જેમાં રાજીવ શુકલા તથા કોંગ્રેસના અગ્રણીઓ હાજર રહ્યા હતાં.

શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)

તો લેખકે પણ પોતાનાં સર્જનની ભૂમિકા વિગતવાર રજૂ કરી છે. જેમાં ગાંધીનગરના સાહિત્યકારો ડો. કેશુભાઇ દેસાઇ, દલપત પઢિયાર, જય ગજ્જર, દોલત ભટ્ટની સાથે સાથે ગાંધીનગર સમાચારના તંત્રી અગ્રણી પત્રકાર કૃષ્ણકાન્ત જહાને યાદ કર્યા છે. તે સાથે દોલત ભટ્ટે તેમની પ્રસ્તાવનામાં 'મીરાંની જેમ તમે મળજો' ના કવિ ભાગ્યેશ જહાનો પણ ઉલ્લેખ મળે છે.

ધર્મ ઘણો જ ગહન વિષય છે. વિશ્વ કક્ષાએ, દેશમાં અનેક રાજયોમાં આ અંગે ઘણા વિદ્વાન મહાપુરૂષો અને લેખકોએ પુસ્તકો લખ્યાં છે. વેદકાળથી માંડીને અર્વાચીન સમય સુધીમાં અનેક પુસ્તકો લખાયાં છે. તેમાં આ પુસ્તકનાં લખાણો માટે લેખકનો આશય મુખ્યત્વે યુવાનો અને વિદ્યાર્થીઓ ભારતીય સંસ્કૃતિના ગ્રંથો, સંસ્કૃતિ અને સંતો અને સંસ્કારોને ન ભૂલે અને તેમની અભિરૂચિ આ ગ્રંથો વાંચવા કેળવાય તે છે. જેથી અહીં ગ્રંથોનું સાર દોહન કરી સંક્ષિપ્તમાં સમજાવવાનો પ્રયાસ થયો છે.

'સંત સ્મરણ' પુસ્તકમાં લેખક શિવશંકર ડાહ્યારામ દવે ૧૯૯૫માં સચિવાલયમાં નાયબ સચિવ તરીકે નિવૃત્ત થયા પછી લેખન કાર્યની સાત્વિક કરતાં રહ્યા છે. ગાંધીનગરની અનેક સામાજિક સંસ્થાઓ સાથે પણ જોડાયેલા રહ્યા છે. તેમના ભક્તિલક્ષી સાહિત્યનાં ૧૦ જેટલાં પુસ્તકો આ અગાઉ પ્રગટ થઇ ચુક્યાં છે જેમાં રામચરિત્ર માનસના મોતી ૧-૨, ગૂંજ્યા શબ્દ ગગનમાં, ઉષા અનિરૂદ્ધ મિલન, રામાયણના નારી પાત્રો, જીવનસરિતા, શિવપુરાણ સ્મરણ જેવાં પુસ્તકો ને ગણાવી શકાય.

'સંત સ્મરણ' પુસ્તક પ્રગટ કરવા બદલ હું રન્નાદે પ્રકાશન અમદાવાદ અને લેખકને અભિનંદન પાઠવું છું અને પુસ્તકને આવકારું છું.

સંત સ્મરણ
લેખક - શિવશંકર દવે
પ્રકાશક - રન્નાદે પ્રકાશન, ૫૮-૨, બીજે માળ, જૈન દેરાસર પાસે, ગાંધીરોડ, અમદાવાદ-૧
કિંમત રૂા. ૧૪૦, પૃષ્ઠ - ૧૦૭, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૪

સેના પ્રમુખની નિમણૂંક પર વિચાર કરશે ચૂંટણી પંચ

નવી દિલ્હી, તા.૪

ચૂંટણી પંચે શનિવારે કહ્યું કે તેઓ આગામી અઠવાડિયામાં પોતાના ઉચ્ચ અધિકારીઓની બેઠકમાં આગામી સેના પ્રમુખની નિયુકિતના મુદ્દા પર વિચાર કરશે. એક વરિષ્ઠ આયોગ અધિકારીએ જણાવ્યું કે રક્ષા મંત્રાલયે અમારી પાસે સલાહ માગી છે અને આ મુદ્દો વિચારાધીન છે.

જો કે તેમનું કહેવું છે કે અત્યાર સુધી કોઈ નિર્ણય નથી કરવામાં આવ્યો. અધિકારીએ કહ્યું કે આ મુદ્દો અત્યાર સુધી પૂર્ણ પંચના એજન્ડામાં રજૂ નથી કરવામાં આવ્યો. તેમણે કહ્યું કે બેઠક સોમવારે કે મંગળવારે થઈ શકે છે, જેમાંથી આ મુદ્દા પર વિચાર કરવામાં આવશે.

ચૂંટણી પંચે ૨૭મી માર્ચે આપેલા પોતાના આદેશના બાબતમાં આ મુદ્દા પર વિચાર કરશે. જેમાં કહેવામાં આવ્યું હતું કે જાહેર ચૂંટણીમાં આ ભવિષ્યમાં ચૂંટણીમાં પણ લશ્કરી દળોને સંકળાયેલ નિમણુંકો, પ્રમોશન, ખરીદી આદર્શ ચૂંટણી આચાર સંહિતાની અંદર નથી આવતી.

ભાજપે સેના પ્રમુખની નિમણુંક પ્રક્રિયા શરુ કરવા પર વાંધો ઉઠાવ્યો છે. તેમનું કહેવું છે કે સરકાર આ મામલામાં ઉતાવળ કરી રહી છે. આગામી સેના પ્રમુખની નિમણુંક પર ભાજપના સત્ત્ર વિરોધની વચ્ચે સરકારે એવું કહેતા આ મામલામાં ચૂંટણી પંચની પાસે સલાહ માંગી છે કે પંચની મંજુરી મળ્યા પછી આની પર કોઈ નિર્ણય કરવામાં આવશે.

ચૂંટણી પંચે ૨૭મી માર્ચના આદેશ છતાંય સેના પ્રમુખની નિમણુંકના મુદ્દા પર પંચની સલાહ લીધા પછીની બાબતે મંત્રાલયના ઉચ્ચ સૂત્રોએ કહ્યું કે આવો મામલ મહત્વનો છે. અને આ અનુભવ કરવામાં આવ્યો છે કે આગળ વધ્યા પહેલા બધા જ સંબંધિત અધિકારીઓથી મંજુરી લેવામાં આવવી જોઈએ. ભાજપ આનો વિરોધ કરી રહી છે અને તેમની દલીલ છે કે આ બાબત આગામી સરકાર પર છોડી દેવી જોઈએ.

સેનાના ઉપપ્રમુખ લેફ્ટન્ટ જનરલ દલબીર સિંહ સુહાગ સેના પ્રમુખના આ ટોચ પરની નિમણુંકમાં સૌથી આગળ ચાલી રહ્યા છે. હાલના સેના પ્રમુખ જનરલ બિક્રમ સિંહ ૩૧ જુલાઈએ રિટાયર્ડ થશે.

બ્રિટનમાં ગુજરાતનો સ્થાપના દિન સરકારે ઉજવ્યો

ગાંધીનગર, તા.૪

ભારતમાં તો ચારે તરફ ભાજપના વડાપ્રધાનપદનાં દાવેદાર નરેન્દ્ર મોદીનો જુવાળ છે પણ તે બ્રિટન સુધી પણ પહોંચી ગયા છે. પશ્ચિમી દેશોમાં મોદીનાં બહિષ્કારનો અંત લાવવામાં સૌ પ્રથમ પહેલ કરનાર બ્રિટનની સરકારે પણ હવે સ્વીકારી લીધું છે કે મોદી ભારતના વડાપ્રધાન બની રહ્યા છે. તેથી જ તા. ૧મેના બ્રિટનમાં ગુજરાતનો સ્થાપના દિન સરકારી ખર્ચે ઉજવાયો હતો અને તેમાં બ્રિટન સરકારના પ્રતિનિધિ તરીકે અહીના રૂઢીચુસ્ત પક્ષના સાંસદ શ્રી પ્રિતી પટેલ ખાસ હાજર હતા. આ સમારોહમાં બ્રિટનમાં વસતા ભારતીયો હાજર હતા.

જેમાં શ્રી સી.બી. પટેલ નામનાં અગ્રણી શ્રી ભારતમાં હવે મોદીનાં ઉદયને ફકત ૧૬ દિવસનો જ સમય બાકી રહ્યો છે તેવી જાહેરાત કરતાં સૌએ મોદી મોદી કહીને તેમને વધાવી લીધા હતા.

અહીં પણ મોદી જેવા જ દેખાતા એક ભારતીયની હાજરીએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું.

આ બાદ સમારોહ માટે શ્રી નરેન્દ્ર મોદીએ જે ખાસ વિડીયો સંદેશ મોકલ્યો હતો તેનું પ્રસારણ થયું હતું. બ્રિટનનાં વડાપ્રધાન શ્રી જેમ્સ કેમરોને પણ પોતાના સંદેશમાં તેઓ બ્રિટનમાં વસતા ગુજરાતીઓ જ નહીં પણ ગુજરાત રાજયથી પણ ખુબ જ પ્રભાવિત થયા હોવાનું જણાવ્યું હતું. બ્રિટનનાં વિપક્ષનાં નેતાએ પણ પોતાનો સંદેશ મોકલ્યો હતો.

હવે કદી ભાજપમાં પરત નહીં ફરૂ : જસવંત

નવી દિલ્હી, તા.૪

ભાજપમાંથી બીજી વખત બરતરફ થયેલા સીનીયર નેતાશ્રી જસવંતસિંઘે હવે કદી ભાજપમાં પરત નહી ફરવાની જાહેરાત કરી છે. હાલ બાલમેરમાં ભાજપના સત્તાવાર ઉમેદવાર સામે ચૂંટણી લડી રહેલા શ્રી સિંઘે જજો કે કહ્યું હતું કે જો તેઓ ચૂંટાશે તો મુદ્દા આધારિત એનડીએને સમર્થન કરી શકે છે. તેઓએ પોતાની ઉમેદવારી બદલ તેમના ધારાસભ્ય પુત્ર માનવેન્દ્ર સામે ભાજપે જે પગલા લીધા તેની સામે નારાજગી વ્યકત કરતા કહ્યું કે માનવેન્દ્ર કદી મારા પ્રચારમાં જોડાયો પણ નથી છતાં તેને જે રીતે પરેશાન કરાયો તે દુઃખદ છે.

હું રસ્તે રઝળતી વારતા (પાના નં. ૪ નું ચાલુ)

આ ફેરવિચારણા અને ફેરનિર્ણય માટે કોઇ સમય મર્યાદા ન કરાઇ હોય આ છટકબારીનો લાભ ઉઠાવી રાષ્ટ્રપતિનો અનિર્ણયમાં રહેવા દે છે. રાષ્ટ્રપતિ શંકર દયાળ શર્માએ ૧૪ દયાની અરજી નામંજૂર કરી હતી. કે.આર. નારાયણન અને એપીજે અબ્દુલ કલામે મૃત્યુદંડ આપવા પર જ આપત્તિ બતાવી હતી. નારાયણને માત્ર એક અરજી નામંજૂર કરી. કલામે એકને માફી બક્ષી અને એકની સજા કાયમ રાખી. કલામે હોદ્દો છોડયો ત્યારે ૨૫ દયાની અરજી બાકી હતી. રાષ્ટ્રપતિ પ્રતિભા પાટીલે ૩૪ અરજી મંજૂર કરી અને ત્રણ અરજી નામંજૂર કરી.

● *ક્ષમાનો એક અજોડ કિસ્સો*

'ક્ષમા વીરસ્ય ભૂષણમ્' ની કથની જેટલી સરળ છે તેટલી જ તેની કરણી મુશ્કેલ. ક્ષમા કરવા માટે મનુષ્યમાં મહાવીરની અહિંસા, બુદ્ધની કરૂણા અને ઇશુના પ્રેમનો સમન્વય થવો જોઇએ. ઇરાનમાં એક માતાએ તાજેતરમાં જ ક્ષમાનું આવું અદ્‌ભૂત ઉ.દા. પૂરું પાડ્યું. આપણને ગાળ આપનારને પણ આપણે ક્ષમા આપી શકતા નથી. ત્યારે ઇરાનમાં સમેરા અલીનેજાદે પોતાના યુવાન પુત્રના હત્યારાનો ફાંસીને માંચડેથી પાછો વાળ્યો!!

અલીનેજાદના ૧૯ વર્ષના પુત્રની હત્યા ૨૦૦૭માં બલાલે કરી હતી. હવે જયારે તેને ફાંસીને માંચડે જાહેરમાં મૃત્યુદંડ અપાઇ રહ્યો હતો ત્યારે અલીનેજાદે પોતાના હાથે બપાલના ગળામાંથી ગાળ્યો દૂર કર્યો. માત્ર એક લાફો મારીને સજા પૂરી કરી! ઇરાનમાં કાયદા પ્રમાણએ જો ભોગ બનનારનો પરિવાર ઇચ્છે તો મૃત્યુદંડ પામેલા અપરાધીને ક્ષમા આપી શકે છે.

અલીનેજાદે ત્યાં હાજર લોકોને પ્રશ્ન કર્યો 'એક ખાલી ઘરમાં રહેવું કેટલું મુશ્કેલ છે તે તમે જાણો છો?' જુવાન દીકરો ગુમાવનાર માતાની વેદના આ વાક્યમાં છતી થાય છે. છતાં, પોતાની જેમ બીજી માતા સંતાનવિહોણી ન થઇ જાય તે માટે ઉદાર દિલે તેણે ક્ષમા આપી. નોંધપાત્ર છે કે આ ચાર વર્ષ પહેલા જ અલીનેજાદે પોતાનો બીજો પુત્ર એક એક્સિડેન્ટમાં ગુમાવ્યો હતો. અલીનેજાદેનાં સમગ્ર પરિવારે આ નિર્ણયમાં તેને મદદ કરી.

પાછળથી અપરાધી બિલાલે કહ્યું કે 'કાશ! જયારે હું છરી લઇને ફરતો હતો ત્યારે કોઇને મને લાફો મારીને અટકાવ્યો હોત! મેં મારા બધાં મિત્રોને કહ્યું છે કે ખીસ્સામાં છરી લઇને ન ફરશો.' ક્ષમા અને પશ્ચાતાપનો આજના જમાનાનો આ અજોડ કિસ્સો છે.

● *ગળામાં ગાળીયા સાથે ૪૫ વર્ષ જીવ્યો!*

કોઇને મૃત્યુદંડની સજા માટે ગિનેશ બુકમાં નોંધણી થાય તો તેણે ખુશ થવું કે રડવું? આવી જ વિડંબણા જાપાનમાં ઇવાઓ હાકામાડા માટે થઇ. અત્યારે ૭૮ વર્ષની ઉંમરે જાપાની સુપ્રીમ કોર્ટમાં અંતિમ ચુકાદાને કારણ મુક્ત થયેલા હાકામાડાને ૧૯૬૬માં એક પરિવારની હત્યા માટે ૧૯૬૮માં મૃત્યુદંડની સજા થઇ. આ સામે તેણે કરેલી અપીલ પુરા ૨૭ વર્ષે સુપ્રીમ કોર્ટમાં નામંજૂર થઇ! બીજી અપીલ તેણે ૨૦૦૮માં દાખલ કરી જેનો ચુકાદો હમણાં તેનાં પક્ષમાં આવ્યો. હાકામાડાએ જેલમાં ગાળેલાં ૪૮ વર્ષોમાંથી ૪૫ વર્ષ મૃત્યુદંડ પામેલા કેદી તરીકે વિતાવ્યાં જે બન્યો એક વર્લ્ડ રેકોર્ડ!!

સમાચાર ઝલક

- *વડોદરામાં કોલેજની વિદ્યાર્થીનીનું અપહરણ કરાયું.*
- *ઉત્તરપ્રદેશમાં મોદી, રાહુલ, મુલાયમની રેલીઓ યોજાઇ.*
- *મહારાષ્ટ્રમાં રોહા નજીક ટ્રેન અકસ્માતમાં ૧૫નાં મોત, ૨૦૦ ઇજાગ્રસ્ત.*
- *નર્મદા, ભરૂચ, તાપી, વલસાડ જિલ્લામાં ઉનાળામાં આશીર્વાદ રૂપ તાડ ફળફળાદી.*
- *ખાણ માફિયાઓએ મહિલા મામલતદાર પર હિચકારો હુમલો કર્યો.*
- *ઉજ્જૈનમાં ફટાકડાની ફેકટરીમાં ભીષણ આગથી ૧૫થી વધુ લોકોનાં મોત.*
- *અમદાવાદ મ્યુનિસિપલ સેનેટરી ઇન્સ્પેકટર નવ હજાર રૂપિયાની લાંચ લેતાં ઝડપાયા.*
- *રાબડી દેવીની ગાડીનું અધિકારીઓએ ચેકીંગ કરતાં લાલુ પ્રસાદ યાદવ ગુસ્સે ભરાયા.*
- *રાજકોટમાં રાજપૂતપુરામાં ૨૦ થી વધુ દુકાનોનાં તાળાં તૂટ્યા, પોલીસ લાચાર.*
- *અફઘાનિસ્તાનમાં ભૂસ્ખલનની આપદામાં હજારો લોકો લાપત્તા, ભારત તરફથી સંપૂર્ણ સહાયની ખાત્રી અપાઇ.*
- *રીયલ એસ્ટેટમાં જોરદાર મંદી, રોકાણકારો અટવાયા, ફ્લેટ, મકાનો ખરીદનાર નથી.*
- *કેદારનાથથી ગૌરીકુંડમાં જવા માટે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડશે.*
- *કાશ્મીરની મંટુર સરહદે પાકિસ્તાની સેના દ્વારા ભારતીય સીમામાં ગોળીબાર કરાયો.*
- *રાજસ્થાન-ગુજરાતમાં ટામેટાનું બમ્પર ઉત્પાદનથી ખેડૂતો બેહાલ.*
- *રશિયા-યુક્રેનમાં હિંસાથી ૪નાં મોત.*
- *ઇજિપ્તની રાજધાનીમાં એક જ દિવસમાં ૪ વિસ્ફોટ થયા.*
- *આસામમાં હિંસાથી ૪૦ હજારથી વધુ લોકો હિજરત કરી ગયા.*